# <u>આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ૭૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી</u>

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ૭૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૨૫ ના રોજ સવારે ૮.૩૦ કલાકે યુનિવર્સિટી ભવન ખાતે માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયાના વરદ હસ્તે ધ્વજ ફરકાવી કરવામાં આવેલ. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, ડીનશ્રીઓ, કર્મચારીઓ, પેન્શનરો, વિધાર્થીઓ, એન.એસ.એસ. સ્વયંસેવકો, એન.સી.સી. કેડેટ્સ, ખેતીવાડી મહિલા મંડળના બહેનો, વસાહતી ભાઇ-બહેનો, ખેત શ્રમિકો વગેરે ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન. કુલપતિશ્રી, ડૉ. કે.બી. કથીરીયા દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ તમામને ૭૯માં સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છા પાઠવેલ. દેશની આઝાદી માટે શહીદ થયેલ સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરેલ, નમન કરેલ અને જવાનોને શ્રધ્ધાસુમન અર્પિત કરેલ.

આતંકવાદીઓને નાથવા ભારત દ્વારા માટે ‘ઓપરેશન સિંદુર’ ની શરૂઆત કરવામાં આવેલ હતી. જે દરેક નાગરીકો માટે ગૌરવની બાબત છે. ભારત સરકાર દ્વારા ‘પી.એમ. ધન ધાન્ય યોજના’ ની શરૂઆત કરવામાં આવી છે. જેના દ્વારા કઠોળ અને તેલિબિયાં પાકોના ઉત્પાદન વધારવા માટેના પ્રયાસો કરવામાં આવશે. જેથી ફૂડ સિક્યુરીટીના પ્રશ્નો હલ કરવામાં તેમજ દેશને ખાધ્યાન્ન ક્ષેત્રે સ્વાલંબિત થવા માટે સહાયક નિવડશે. ‘નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ’ ની શરૂઆત માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવનાર છે. જેના દ્વારા નેચરલ ફાર્મિંગને પ્રેરક બળ પુરૂ પાડવામાં આવશે. નેચરલ ફાર્મિંગ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટીને નવી સ્કીમ મળેલ અને નવા અખતરાઓ કરવામાં આવેલ છે.

ડ્રોન ટેક્નોલોજી, નેચરલ ફાર્મિંગ, આર્ટીફિસિયલ ઇન્ટેલીજન્સ, પ્રીસીઝન ફાર્મિંગ, એફ.પી.ઓ. વગેરે જેવા કૃષિના નવા આયામો અપનાવવા અને યુનિવર્સિટી ખાતે આવા નવીન ટેકનોલોજી ઉપર સંશોધનો કરવામાં આવી રહેલ છે તેની માહિતી આપેલ હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટીને NAAC એક્રીડીટેશન મળેલ છે. આણંદ કૃષિ યુનિવર્સિટીને IIRF રેકીંગમાં કૃષિ અને બાગાયત કેટેગરીમાં સમગ્ર દેશમાં ૧૨મું સ્થાન અને ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવેલ જે આણંદ કૃષિ યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે. આણંદ કૃષિ યુનિવર્સિટીને ક્લાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા ૨ એવોર્ડ મળેલ છે. અરણેજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રને પ્રથમ એવોર્ડ મળેલ છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીએ સંશોધન ક્ષેત્રે ૧૦ નવી પાકની જાતો વિકસાવી છે. જેમાં કારેલાની જાત તેમજ ચેરી ટામેટાની જાત જે પોષકસભર છે તેમજ ભારતભરમાં અદ્વિતિય છે. આણંદ કૃષિ યુનિવર્સિટીએ ભારત સરકારની ગ્રીન એનર્જીની પરીકલ્પનાને સાકાર કરી છે. જેના ભાગરૂપે યુનિવર્સિટીની લગભગ દરેક બિલ્ડિંગો ઉપર સોલર પેનલો લગાવવામાં આવેલ છે. અને ૧૦૦% સોલર આધારિત બની દેશ કક્ષાએ એક માત્ર યુનિવર્સિટી છે. જે આણંદ કૃષિ યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે. આઇ.સી.આઇ.સી.આઇ. બેન્ક દ્વારા સી.એસ.આર. ફંડ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી છે. જે અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વોટર હાર્વેસ્ટીંગ માટે કામગીરી કરવામાં આવશે. આણંદ કૃષિ યુનિવર્સિટીના કોલેજ બિલ્ડીંગના વિસ્તરણ

માટે તેમજ બોય્ઝ અને ગર્લ્સની નવી હોસ્ટેલ માટે ગુજરાત સરકાર દ્વારા ૨૫ કરોડ રૂ. ની રકમ ફાળવવામાં આવી છે. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીના અરણેજ ફાર્મને ફાર્મર હોસ્ટેલ માટે મંજૂરી મળી છે. આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ૧૭૨ નવા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. જે ખુબ જ મોટી બાબત છે.

યુનિવર્સિટીના સર્વે અધિકારીઓ, કર્મચારીઓ અને વિધાર્થીઓને યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે જે ઝડપથી પ્રગતિ કરી રહેલ છે તેમાં હજુ ઉત્તરોતર વધુ પ્રગતિ કરે તેવું આહ્વાન આપેલ.

સમગ્ર કાર્યક્રમનું આયોજન માન. કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ ડૉ. ડી.એચ. પટેલ, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પરેડ કમાન્ડન્ટ તરીકે લેફ્ટ. ડૉ. અજય મારૂ, ધ્વજરક્ષક તરીકે ડૉ. આર.એમ. ચવધરી અને ઉદઘોષક તરીકે એમ.આર. પ્રજાપતિ દ્વારા ફરજ બજાવવામાં આવેલ. ધ્વજવંદન કાર્યક્રમ પૂર્ણ થયા પછી માન. કુલપતિશ્રી તેમજ અન્ય યુનિવર્સિટી અધિકારીશ્રીઓ દ્વારા શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ, ડૉ. એમ.ડી. પટેલ, શ્રી કનૈયાલાલ મુનશીની પ્રતિમાઓને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવેલ.




